


# શહેરમાં સંત રોહિદાસજીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

સંત રોહિદાસજીની ૬૪૧મી જન્મજયંતિ સમારોહ, ૩૧મો નૂતન વર્ષ સ્નહેમિલન સમારોહ, તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ અને નિવૃત અધિકારી -કર્મચારીઓનો સન્માન સમારોહ આજે સેકટર-૬ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ ભવન ખાતે બપોરે ૩ કલાકે યોજાયો હતો. જયારે સંત રોહિદાસજીની જન્મજયંતિ પ્રસંગે સવારે ૮ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરીને બપોરે ૨ કલાકે પરત ફરી હતી. સેકટરોમાં ડી.જે. સંગીતની સુરાવલીઓ સાથે અને વિવિધ કૃતિઓ સાથે ફરેલી શોભાયાત્રાએ નગરજનોમાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું. જયારે શોભાયાત્રામાં તેમજ સન્માન સમારોહ પ્રસંગે શહેરના અનેક સમાજીક-રાજકીય આગેવાનો, સાધુ-સંતો સહિત સમાજના હજ્જારો ભાઈ બહેનો જોડાયા હતા. ગાંધીનગર શહેરના સેકટર-૬ સ્થિત સંત શ્રી રોહિદાસ સેવા સમાજ દ્વારા સંત રોહિદાસજીની ૬૪૧મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે સવારે ૮ કલાકે સ્મૃતિ મંદિરથી ભવ્ય શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. ત્યારથી આગળ વધીને ગ રોડ, સે-૧૩, ગ-૩, ગ-૨, ગ-૧, સે-૩ થી આગળ વધીને ઘ-૨ તરફ આગળ વધીને સે-૭ બી પથિકાશ્રમ, ઘ-૫, સે-૨૪, સે-૨૫,સે-૧૪, ખ-૩, ગ-૩ ચાર રસ્તા પર થઈને પરત ફરી હતી. શોભાયાત્રાએ નાગરીકોમાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું. જયારે બપોર બાદ ૩ કલાકે ઈનામ વિતરણ અને નિવૃત અધિકારી-કર્મચારીઓનું સન્માન પ્રસંગે સમાજના હજ્જારો ભાઈ બહેનો તેમજ રાજકીય આગેવાનો, શહેરના ધારાસભ્ય, સામાજીક આગેવાનો સહિત હાજર રહ્યા હતા. આ પ્રસંગે સમાજના ધો-૧ થી પીએચડીમાં પ્રથમ, દ્રીતીય અને તૃતિય ક્રમે પાસ થયેલા ૧૨૯ વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. જયારે સમાજના ૨૮ નિવૃત અધિકારી-કર્મચારીઓનું પુષ્પગુંચ્છ આપી સન્માન કરાયું હતું. જયારે સમાજના ખેલકુદમાં તેમજ અન્ય વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરી હોય તેવા ૩ ખેલાડીઓને પણ સમાજના આગેવાનોના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. જયારે રાત્રીના ૮ કલાકે લોકસાહિત્યકાર બાબુલ બારોટ, બાળ કલાકાર હર્ષ ગોવાળીયો તેમજ રાજુભાઈ ભરવાડના કંઠે લોક ડાયરો યોજાયો હતો. જેમાં હાસ્યની છોળો વચ્ચે લોક સાહિત્ય અને સંસ્કૃતિની વાતોની મોજ સમાજના ભાઈ બહેનોએ માણી હતી. આ પ્રસંગે કૈયલ ધામથી પધારેલા પૂ. રમણ જય માડી એ ભાઈ બહેનોને આર્શિવચન પાઠવ્યા હતા. જયારે અન્ય સંતગણમાં પૂ.સેવાદાસ બાપુ, ધોળાકુવા અને બજરંગ આશ્રમના સંત અજુપુરી જદુપુરી હાજર રહ્યા હતા. જયારે સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને પગલે સંત રોહિદાસ સેવા સમાજ સંકુલ ખાતે અનેરો માહોલ જોવા મળ્યો હતો.

# વીજ કંપનીની ભરતી રદ કરાતાં બેરોજગારોમાં આક્રોશ

**વિદ્યુત સહાયક જુની. આસીસ્ટન્ટની ૭૦૦ જગ્યા માટે ૯૭૦૦૦ તેમજ જુની. ઈજનેરની ૭૦ જગ્યા માટે ૧૭૦૦૦ ફોર્મ ભરાયા હતા, બેરોજગારી દૂર કરવાના બદલે સરકારની પીછેહઠથી માછલાં ધોવાયાં**

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યની ચાર વીજ કંપનીઓમાં વિદ્યુત સહાયકની ભરતી માટે ઓક્ટોબર-૧૭માં લાયકાતી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં જુની આસીસ્ટન્ટની ૭૦૦ જગ્યાઓ માટે ૯૭૦૦૦ જેવી અરજીઓ આવી હતી જ્યારે જુનીયર ઈજનેરના પદ માટે ૭૦ જગ્યાની ૧૭૦૦૦ અરજીઓ આવી હતી. અરજદારો ભરતી પ્રક્રિયાની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. પરંતુ ચાર વીજકંપની વતી ભરતી પ્રક્રિયા હાથ ધરનાર મધ્ય ગુજરાત વીજ કંપનીએ સમગ્ર ભરતી જ રદ કરવાની જાહેરાત કરી દેતા બેરોજગાર યુવાન-યુવતીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે તેમજ સરકારની પીછેહઠ થવાથી સરકારની ટીકાઓ પણ થઈ રહી છે.

વીજકંપનીમાં ભરતી માટે લેવાતી પ્રવેશ પરીક્ષાઓની તનતોડ મહેનત કરનાર બેરોજગારોની આશા ઉપર પાણી ફરી વળ્યુ છે જેથી વાલીગણ સહિત બેરોજગારોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જે તે સમયે ઓનલાઈન અરજીઓ મંગાવી હતી સાથે થતી ફી પણ યુવાનોએ ભરી દઈ તનતોડ તૈયારીઓ કરી ભારે આશાઓ રાખી હતી. પરંતુ ચૂંટણીઓ પછી બદલાયેલા મંત્રીમંડળ અને વહીવટીતંત્રએ ટેકનીકલ કારણો આગળ કરી દઈ સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરી નાખી છે. રાજ્યમાં લાખ્ખો બેરોજગાર યુવાન-યુવતીઓ રોજગારી માટે રીતસર ટળવળી રહ્યા છે ત્યારે સરકારે ભરતી પ્રક્રિયા ઝડપી હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉઠી છે. અન્યથા બેરોજગારી સરકારને ૨૦૦૧૯માં આગળ વધવા મુશ્કેલી સર્જશે તેવી ચર્ચાઓ વેગવાન બની છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




નોટબંધી, જીએસટી પહેલા કમાતા હતા ત્યારે બજેટની બીક લાગતી હતી સાહેબ... હવે જરાય નથી લાગતી...!!

# અમદાવાદ ખાતે કાવ્ય સંગ્રહ 'ટેરવે ઉગ્યું આકાશ'નો વિમોચન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

૧ ફેબ્રુઆરી-૨૦૧૮, ગુરૂવારે, સાંજે ૫.૩૦ કલાકે, આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાના અધ્યક્ષસ્થાને, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત, ૧૫મી સદીથી સાંપ્રત સમયના કવયિત્રીઓનાં કાવ્યોનો સંપાદિત કાવ્યસંગ્રહ 'ટેરવે ઉગ્યુ આકાશ'નું લોકાર્પણ જાણીતા લેખિકા વર્ષા દાસના વરદહસ્તે કરવામાં આવશે અને એ નિમિત્તે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ પ્રાસંગિક વકતવ્ય આપશે. અતિથિવિશેષ વર્ષા દાસનો પરિચય યામીની વ્યાસ કરાવશે. કાવ્યસંગ્રહ વિશે ડૉ. ઉષા ઉપાધ્યાય વક્તવ્ય આપશે. લતા હિરાણી સંપાદક તરીકે પ્રતિભાવ આપશે. આભારવિધિ લક્ષ્મી ડૉબરીયા કરશે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીનાક્ષી ચંદારાણા કરશે.

કવિસંમેલનમાં કવયિત્રીઓ ઉષા ઉપાધ્યાય, મીનાક્ષી ચંદારાણા, લક્ષ્મી ડોબરીયા, લતા હિરાણી, દક્ષા પટેલ, યામીની વ્યાસ, રક્ષા શુકલ, એશા દાદાવાલા, છાયા ત્રિવેદી, પારૂલ ખખ્ખર, પારૂલ બારોટ, ગોપાલી બુચ કવિતાનો પાઠ કરશે. ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી.

# આઈઆઈટીજી ખાતે વૉટર-સેનિટેશન તથા મેટરનલ એન્ડ ચાઈલ્ડ હેલ્થકેરનુ ઉદ્‌ઘાટન યોજાયુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના પાલજ સ્થિત આઈઆઈટી ખાતે વૉટર એન્ડ સેનિટેશન સેન્ટર તથા આઈઆઈપીએચ ખાતે નવજાત શિશુઓ માટેના મેટરનલ એન્ડ ચાઈલ્ડ હેલ્થકેર કેન્દ્રના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અમદાવાદની આઈઆઈએમના પૂર્વ ડાયરેક્ટર પ્રો. સમીર બસુઆ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતા. 'વ્હીલ્સ ઈન્ડિયા' સંસ્થાના ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં અમેરિકા સ્થિત ફિલાન્થ્રોપિસ્ટ તથા એમેનીસ ફાર્માસ્યુટિકલ્સના કો-સીઈઓ ચિરાગ પટેલ, વ્હીલ્સના ચેરમેન રજત ગુપ્તા, સેવક ફાઉન્ડેશનના ડૉ. ઠાકોર પટેલ, વૉટર ટ્રેક ઓફ ડબલ્યુજીએફના કો-ડાયરેક્ટર રોન મહેતા, આઈઆઈપીએચ ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકર તથા આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધીર જૈન ઉપસ્થિત રહ્યાં હતા.

સેન્ટર ફોર વૉટર એન્ડ સેનિટેશન દ્વારા ગાંધીનગર આઈઆઈટી ખાતે નદીના પાણીને ઓછા ખર્ચે વધુ પીવાલાયક બનાવવા સાથે જળવ્યવસ્થાપનની નીતિઓનો વિકાસ કરવાનું લક્ષ્ય રખાયુ છે. આ પ્રસંગે આઈઆઈટીજીના ડાયરેક્ટર પ્રો. સુધીર જૈને આ સેન્ટર ગાંધીનગરને મળવા બાબતે હર્ષ વ્યક્ત કર્યો હતો અને વ્હીલ્સ સંસ્થાનો આભાર માન્યો હતો. મેટરનલ એન્ડ ચાઈલ્ડ હેલ્થકેર સેન્ટર માતા અને શિશુના સ્વાસ્થ્ય અંગે પુરાવા આધારિત ટેસ્ટિંગ સુવિધા માટેનું હબ સાબિત થશે તેવો આશાવાદ પણ વ્યક્ત કરાયો હતો.



# વહીવટી સેવાના પ્રોબેશનર અધિકારીઓ રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગુજરાત પ્રશાસનિક સેવાના પ્રોબેશનર અધિકારીઓનું એક ગ્રુપે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આપને દરિદ્રનારાયણની સેવા કરવાની અનન્ય તક સાંપડી છે, તેને સમર્પિત થઈને પોતાનું ઉત્તરદાયિત્વ અદા કરવાનું છે. તેમણે અધિકારીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ આપી હતી. સ્પીપાના મહાનિર્દેશક ધનંજય દ્વિવેદીએ અધિકારીઓની તાલીમ સંબંધી માહિતી આપી હતી.

# પોર ગામે વિજ્ઞાન કોલેજની એનએસએસ શિબિરનું સમાપન

**સરકારી યોજનાઓ અંગે જનજાગૃતિ સાથે વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજાયા : મતદાતા જાગૃતિ રેલી સાથે રાષ્ટ્રીય મતદાતા દિન ઉજવાયો**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના પોર ગામે 'સરકારી યોજના અંગે જાગૃતિ અને વિદ્યાર્થી સંસદ તાલીમ' વિષયે યોજાયેલ સેક્ટર-૧૫ની સરકારી




વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના સાત દિવસીય કેમ્પનું સમાપન થયું. કેમ્પના સાત દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ સરકારની ૧૦ જેટલી યોજનાઓ અંગે ગ્રામજનોની ઘરે ઘરે જઈ મુલાકાત લઈ માહિતી પુરી પાડવા સાથે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. કેમ્પમાં અંતિમ દિને વિદ્યાર્થી સંસદનું આયોજન કરી વિદ્યાર્થીઓને મોક સંસદની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૨૫મી જાન્યુઆરીએ ગામમાં મતદાતા જાગૃતિ રેલી પણ યોજવામાં આવી હતી.

એનએસએસ કેમ્પ દરમ્યાન સ્વયંસેવકોએ દરરોજ પ્રભાતફેરી, યોગાભ્યાસ, શેરી નાટક, વ્યાખ્યાન તથા પિરામિડ જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધર્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ યુથ પાર્લામેન્ટમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમ્યાન તા. ૨૫મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ ગામમાં મતદાતા જાગૃતિ રેલી યોજી ગ્રામજનોને જાગૃત કર્યા હતા. કેમ્પના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓએ ગ્રામ સફાઈનું કાર્ય પણ નિયમિત રીતે કર્યુ હતુ. સમગ્ર કેમ્પનું સંચાલન વિજ્ઞાન કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. યુ.પી. તરપદાએ કર્યું હતું.

# આર.એન.પટેલ પ્રાથમિક શાળા ખાતે વૈકલ્પિક ઊર્જા અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે તા. ૨૭મી જાન્યુઆરીએ નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના કોઓર્ડિનેટર હાર્દિકભાઈ મકવાણા અને શિવાંગભાઈ પટેલ દ્વારા ધો. ૮ વિદ્યાર્થીઓને ઉર્જા જાગૃતિ અંગેની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઉર્જા, ઉર્જાના રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઉર્જાના સ્ત્રોત, વિદ્યુત ઉત્પન્ન કરવાની રીતો અને વીજ બચત માટે વિવિધ ઉપાયોની દશ્ય શ્રાવ્ય સાધનોની મદદથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતો સૌરઉર્જાથી ચાલતા ઉપકરણો જેવા કે પેરાબોલિક સૂર્યકૂકર, કોમ્યુનીટીકૂકર, સોલર સ્ટીમ કુકિંગ સિસ્ટમ, સોલર વોટર હિટર, ઉદ્યોગોમાં સોલાર વોટર હિટિંગ સિસ્ટમ, સોલર વોટર પંપ, સોલર રૂફ ટોપ યોજના, પવન ઉર્જા, બાયોગેસ, ભૂતાપીય ઉર્જા, સામુદ્રીક ઉર્જા વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીએ મેળવેલા જ્ઞાનની ચકાસણી માટે પ્રશ્નોતરી કરી અને વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. જીવન વ્યવહારમાં વિદ્યાર્થીઓને ઉર્જાની બચત કરવાની સુટેવોનો વિકાસ કરવામાં આ કાર્યક્રમ મદદરૂપ થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ ઉર્જા જાગૃતિ કાર્યક્રમ દ્વારા શાળાના બાળકોને વિશેષ માહિતી આપવા બદલ હાર્દિકભાઈ મકવાણા અને શિવાંગભાઈ પટેલનો આચાર્યએ શાળા પરિવાર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. અંતે બધાજ બાળકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આવતીકાલથી અમદાવાદ ખાતે યોજાશે ગ્રાન્ડ એજ્યુકેશન ફેર

**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનું ઉદઘાટન કરશે : આ ફેરમાં વિવિધ સ્ટોલ દ્વારા વિદ્યાર્થીઓને મળશે શૈક્ષણિક માર્ગદર્શન**

ગાંધીનગર, તા. ૩૧

વિદ્યાર્થીઓ તથા વાલીઓ એક જ સ્થળેથી શૈક્ષણિક કારકિર્દીના ઘડતર અને શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાંથી કોને મહત્વ આપવું તે અંગેનું વ્યવસ્થિત માર્ગદર્શન મેળવી શકે તેવા ઉમદા હેતુ સાથે અમદાવાદ ખાતે ભવ્ય ગ્રાન્ડ એજ્યુકેશન ફેર યોજાઈ રહ્યો છે. આ એજ્યુકેશન ફેર ગુજરાત સરકાર, નોલેજ કોન્સોર્ટિયમ ઓફ અમદાવાદ અને ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨ થી ૫ ફેબ્રુઆરી-૨૦૧૮ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કોન્વેન્શન સેન્ટર, અમદાવાદ ખાતે યોજાશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવે વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ભવ્ય ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનું ઉદઘાટન કરશે.

એજ્યુકેશન ફેરમાં ગુજરાત રાજ્યમાં આવેલ વિવિધ ૪૪ યુનિવર્સિટીઓના ૫૫ સ્ટોલ, રાજ્યમાં આવેલ વિવિધ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની ૫૮ કોલેજોના ૬૪ સ્ટોલ, ૧૧ પ્રાઈવેટ ફોરેન કન્સલ્ટન્ટના સ્ટોલ, ૦૨ ફોરેન કાઉન્સિલના સ્ટોલ, ૦૪ બેંકના સ્ટોલ, અન્ય સંસ્થાઓના ૧૭ સ્ટોલ, અને ૦૮ ફૂડ સ્ટોલનું આયોજન કરાયું છે. રાજ્ય સરકાર દ્વારા આ વર્ષથી અમલમાં આવેલી વિદ્યાર્થીઓ માટેની વિવિધ યોજના અંગેની માહિતી પણ આ ફેરમાં મળી રહેશે. ઉપરાંત વિદ્યાર્થીઓને વર્તમાન સમયની ઉપલબ્ધ વિવિધ વિદ્યા શાખાઓમાં કારકિર્દીની તકો, ઉચ્ચ શિક્ષણ માટેની રાજ્ય સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અને શિષ્યવૃત્તિ સંબંધી યોજનાઓ, શૈક્ષણિક લોન અંગેની માહિતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તે અન્વયે ઉપલબ્ધ વ્યવસ્થાઓ તથા ભાવિ તકો, રોજગાર ક્ષમતા માટે જરૂરી સોફ્ટ સ્કિલ અને કોમ્યુનિકેશન સ્કિલ, તેમજ વિદેશી શિક્ષણ અંગેની માહિતી, સ્વ-રોજગાર માટે સરકારની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી અંગેની માહિતી વિદ્યાર્થીઓ અને વાલીઓને સરળતાથી મળી શકે તે માટે વિવિધ સેમિનારનું પણ આયોજન કરવામાં આવેલ છે. ઉદઘાટન સમારંભમાં મુખ્યમંત્રીના હસ્તે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંગેના અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ અને ઈનોવેશન અંગેના ચેકનું વિતરણ કરવામાં આવશે.

**ટુંકી જાહેરખબર**
**જમીન સુધારા કમિશનર કચેરી, ગાંધીનગર**

આ કચેરી હસ્તકનું રદબાતલ કરેલ વાહન મારૂતિ SX-4 નં. જીજે-૧૮-જી-૨૬૮૨ નવા સચિવાલયના બ્લોક નં.૧૧ની નીચે ભોંયરામાં આવેલ વાહન પાર્કિંગમાં છે. તે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાહેર હરરાજી કરી નિકાલ કરવાનો થાય છે. વાહન કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. જેની તળિયાની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) નક્કી કરેલ છે. રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓએ હરરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) રોકડા ડીપોઝીટ અત્રેની કચેરીમાં તા. ૫/૨/૨૦૧૮ થી. તા. ૧૨/૨/૨૦૧૮ સુધીમાં કચેરી સમય દરમિયાન જમા કરાવવાના રહેશે. હરરાજી તા. ૧૪/૨/૨૦૧૮ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે કમિશનર જમીન સુધારાની કચેરી, બ્લોક નં. ૧૧ / ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે રાખેલ છે. શરતોની કોપી ડીપોઝીટ જમા કરાવતી વખતે મેળવી લેવાની રહેશે.

સહી/-
(ડો. એલ. કે. વાણીયા)
મદદનીશ કમિશનર
જમીન સુધારા કમિશનર કચેરી
માહિતી/૨૬૦૯/૧૭-૧૮

**તાલુકા પંચાયત કચેરી, તા. ધનસુરા, જિ. અરવલ્લી**
**ઇ-ટેન્ડરીંગ નોટીસ નં.૧/૨૦૧૭-૧૮ (બીજો પ્રયત્ન)**

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.પં. કચેરી, ધનસુરા, ૩૮૩૩૧૦ (અરવલ્લી) ફોન નં. (૦૨૭૭૪) ૨૨૩૯૫૩ દ્વારા મનરેગા અને ICDS યોજના અંતર્ગત આંગણવાડીના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ટેન્ડર વેબસાઈટ www.nprocure.com ઉપર ૮/૨/૨૦૧૮ના ૧૮ કલાક સુધી જોવા મળશે અને ઓનલાઈન ભરી શકાશે. ફીઝીકલ ડૉક્યુમેન્ટ જમા કરાવવાની અંતિમ તા. ૧૬/૨/૨૦૧૮ ને ૧૮ કલાક સુધીનો રહેશે. ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૯/૨/૨૦૧૮, બપોરના ૧૩.૦૦ કલાકે રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમ (EMD) ફક્ત ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડરને લગતા દસ્તાવેજો ફરજિયાત ઓનલાઈન સ્કેન કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ જણાવ્યા સિવાય સ્વીકારવું કે નહીં તેનો હક્ક તા.વિ.અ.શ્રી-ધનસુરાને અબાધિત રહેશે.

સહી/-
તાલુકા વિકાસ અધિકારી
ધનસુરા
ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૬૦૮/૨૦૧૮

**વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)**
WASMO
૩જો માળ, જલસેવા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : ૦૭૯-૨૩૨૪૭૧૭૦-૭૧, ૨૩૨૩૭૦૭૫, ફેક્સ : ૨૩૨૪૭૪૮૫
Website : www.wasmo.org • Email : wasmo@wasmo.org

**ટેન્ડર નોટીસ**

વડી કચેરી, વાસ્મો દ્વારા નીચે જણાવેલ કામો માટેના ટેન્ડરમાં રસ ધરાવનાર ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં માત્ર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | આશરે વાર્ષિક ખર્ચ (રૂ. લાખમાં) | ટેન્ડર ફી (રૂા.માં) | બાનાની રકમ (રૂા.માં) | સિક્યુરીટી ડીપોઝીટ (રૂા.માં) |
|---|---|---|---|---|---|
| ૧. | સ્ટેશનરી ખરીદી માટે | ૩.૦૦ | ૧૫૦૦ | ૧૨,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૨. | કુરીયાર સર્વીસ માટે | ૧.૨૦ | ૧૫૦૦ | ૪,૦૦૦ | ૬,૦૦૦ |

નોંધ : ઉક્ત વિગતના ટેન્ડરના ફોર્મ, સ્ટેશનરી આઈટમની વિગત, કુરીયર સેવા અંગેની વિગત, ટેન્ડરની શરતો વિગેરે અમારી વેબસાઈટ : www.wasmo.org પરથી મેળવી શકાશે. રસ ધરાવનાર પાર્ટીએ ટેન્ડર પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ સુધી કચેરી કામકાજના સમયે ટેન્ડર ભરીને જમા કરાવવાનું રહેશે.

સહી/-
પ્રોજેક્ટ ડાયરેક્ટર
વાસ્મો, ગાંધીનગર
માહિતી/૨૬૦૭/૧૭-૧૮